**મુમુક્ષુજીવોના પરમ તારણહાર, પરમ શાંતસ્વરૂપ,**
**જિનવાણી રહસ્ય પ્રકાશક, અસાધારણ પ્રજ્ઞાસ્વરૂપ**
**પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના મંગલકારી ૮૯ મા**
**જન્મજયંતી મહોત્સવ પ્રસંગે કોટિ કોટિ વંદન!!**



નિશ્ચય રત્નત્રય પ્રાપ્ત, પરમાગમ-સુધાના રહસ્યજ્ઞ, જિનમાર્ગ પ્રતિ અખંડ નિષ્ઠાવાન, જેમની નિષ્કારણ કરુણાને નિત્ય સ્તવવામાં પણ આત્મસ્વભાવ પ્રગટે છે, મોહસ્વયંભૂરમણ સમુદ્રને ભુજાએ કરી તરી ગયા, એવા હે પ્રખર પુરુષાર્થના સ્વામી! ભાવ અપ્રતિબદ્ધપણે વિચરનારા, આપના પ્રત્યે અચળ પ્રેમ અને સમ્યક્ પ્રતીતિ હો, એ ભાવનાસહિત આપના ચરણોમાં ભક્તિ-પુષ્પ અર્પણ કરીએ છીએ!

– 'સ્વાનુભૂતિપ્રકાશ' પરિવાર

અ

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૪૮ : અંક–૨૮૮, વર્ષ–૨૪, ડિસેંબર–૨૦૨૧

અ

**અષાઢ વદ ૧૧, ગુરુવાર, તા.૧૪-૦૭-૧૯૬૬, યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, ગાથા–૮૭, પ્રવચન–૩૪**

'**સહજ સ્વરૂપમાં રમણતા કર.**' બંધ-મોક્ષના વિકલ્પ છોડી દે. આહાહા..!

**जइ बद्धउ मुक्कउ मुणहि तो बधियहि णिभंतु।**
**सहज-सरुवइ जइ रमहि तो पावहि सिव सन्तु।।८७।।**

આહાહા..! ભગવાનઆત્મા! '**જો તું બંધ મોક્ષની કલ્પના કરીશ તો તું નિઃસંદેહ બંધાઈશ.**' પર્યાયદષ્ટિ થઈ ને, પર્યાયદષ્ટિ. રાગનો બંધ છે એ રાગ છૂટશે તો મુક્તિ થશે, એવા બે પ્રકારના વિચાર વિકલ્પનું કારણ છે, વિકલ્પ છે. સમજાણું કાંઈ? ભગવાન સહજાત્મસ્વરૂપ પૂર્ણ શુદ્ધ એકરૂપ સહજાત્મસ્વરૂપ પૂર્ણ સ્વરૂપ એકરૂપનું અંદર ધ્યાન કર એ મુક્તિનો ઉપાય છે.

'**बद्धउ मुक्कउ मुणहि**' જો બંધ અને મોક્ષ, બે, પર્યાયદષ્ટિથી જોવા જઈશ તો નિશ્ચયથી બંધાઈશ. '**णिभंतु**'. ભ્રાંતિ વિના તને બંધ થશે. આહાહા..! (કોઈ કહે) બંધ નથી. સાંભળ તો ખરો, પ્રભુ! અહીં તો વ્યવહારનયનો વિષય બંધ-મોક્ષ, તેને છોડાવે છે. તેનો આશ્રય કરવાથી વિકલ્પ થાય છે. આ 'યોગસાર' છે. યોગસ્વરૂપ એકાકારમાં લીન થવું, તેમાં ભેદ કરીને બંધ અને મોક્ષનો વિચાર ન કરવો તેનું નામ યોગસારસ્વરૂપની એકતાના ભાવને કહે છે.

'**જો તું બંધ મોક્ષની કલ્પના કરીશ..**' આચાર્ય પણ કડક છે ને! જુઓ! '**णिभंतु बधियहि**' નિઃસંદેહ બંધાઈશ. ભગવાનઆત્મા એકસ્વરૂપ સિવાય બે પ્રકારનો વિચાર થશે તો નિશ્ચયથી વિકલ્પ થશે અને વિકલ્પ થશે તો બંધ થશે. ભલે એ વિકલ્પ શુભ છે. કેમકે બંધ અને મોક્ષનો વિચાર એ કંઈ અશુભ નથી, પણ છે તો શુભ, પણ છે બંધનું કારણ. આહાહા..! સમજાણું કાંઈ?

'**સહજ-सरुवइ जइ रमहि**' જો તું ભગવાન સહજાત્મસ્વરૂપમાં રમણતા કરીશ. એકરૂપ પ્રભુ... પર્યાયદષ્ટિને છોડીને, વ્યવહારનયના વિષયને છોડીને એકલો ભગવાન પૂર્ણાનંદ પ્રભુમાં જો રમીશ (તો) શાંત મોક્ષને પામીશ. શાંતિ.. શાંતિ.. શાંતિ.. પૂર્ણ શાંતિ. નિર્વાણ. પૂર્ણ શાંતિને પામીશ. (પેલા વિકલ્પમાં) બંધ થશે. બે વાત કરી.

જુઓ! એક શ્લોકમાં શું કહ્યું? બંધ અને મોક્ષ એવી પર્યાયદ ષ્ટિનો વિચાર કરીશ તો નિઃસંદેહ બંધાઈશ. એકસ્વરૂપ સહજાનંદ પ્રભુ, એકરૂપ પરમાત્મા પોતાના સ્વરૂપમાં રમીશ તો મોક્ષ થઈ જશે. બંધ અને મોક્ષની વ્યાખ્યા આ કરી. બંધ છે, પર્યાયમાં રોકાય છે તે ભાવબંધ છે. કર્મનો બંધ થાય એ બીજી વાત. અને રાગથી છૂટીને વીતરાગ પર્યાય પૂર્ણ થાય તો મોક્ષ પણ છે. પણ એ પર્યાયનો પર્યાયમાં મોક્ષ અને પર્યાયમાં બંધ છે. અંશમાં મુક્તિ અને અંશમાં બંધ. એવું લક્ષ કરવાથી તો નિર્ભ્રાંત-

નિઃસંદેહ બંધાઈશ. જુઓ! આમાં ક્યા પ્રાણીને માર્યા? કોને બચાવ્યા? કોને માર્યા? કોને બંધાવ્યા? ભગવાન! તેનો હેતુ છે ને! તારું સ્વરૂપ અખંડ જ્ઞાયકમૂર્તિ પ્રભુ છે, તેની રમણતા કર તો તને સંવર, નિર્જરા થશે અને મુક્તિ થશે. શાંત.. શાંત.. શાંત.. અકષાય પરિણમન પૂર્ણ થશે અને મુક્તિ થશે. આ ભાવ બંધ અને મોક્ષ બે પર્યાયનું લક્ષ કરીશ તો નિશ્ચયથી ખરેખર રાગ થઈને બંધાઈશ. સમજાણું કાંઈ? પર્યાયદૃષ્ટિ વ્યવહારનયનો આશ્રય કરવાથી બંધ થાય છે. બસ! આ સિદ્ધ કરવું છે.



પોતાનું પ્રયોજન પર્યાયના લક્ષે સિદ્ધ નથી થતું. કેમકે નિર્મળ પર્યાય જે પ્રગટ થાય છે એ પર્યાયમાંથી પર્યાય નથી થતી. સમજાણું કાંઈ? એક ન્યાય તો 'નિયમસાર'માં ૫૦ મી ગાથામાં એવો પણ કહી દીધો છે કે, પોતાની પર્યાય ક્ષાયિક સમકિત હોય તોપણ પરદ્રવ્ય છે. ક્ષાયિક સમકિત પણ પરદ્રવ્ય છે. ઉપશમ, ઉદય (આદિ) ચાર ભાવ પરદ્રવ્ય છે. એમ ૫૦ મી ગાથામાં કહ્યું. કેમ? કે, જેમ પરદ્રવ્યમાંથી પોતાની નવી નિર્મળ પર્યાય ઉત્પન્ન થતી નથી એમ એ પર્યાયમાંથી નવી પર્યાય તો ઉત્પન્ન થતી નથી, એ અપેક્ષાએ ચારે ભાવને (પરદ્રવ્ય કહ્યા). જે પર્યાયના ચાર ભાવ છે રાગ, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક ચારેયને પરદ્રવ્ય કહી દીધું. કેમકે ચારે ભાવમાંથી નવી પર્યાય ઉત્પન્ન નથી થતી. નવી પર્યાયની ખાણ તો ભગવાનઆત્મા ધ્રુવ ધ્રુવ નિત્યાનંદ પ્રભુ છે તેને સ્વદ્રવ્ય કહ્યું. તેને (ચાર ભાવને) પરદ્રવ્ય કહ્યું. આ અપેક્ષાએ પરદ્રવ્ય, હોં! છે તો તેની પર્યાય. આહાહા..! પરદ્રવ્ય પરભાવ ઈતિ હેયમ્, એમ ૫૦ મી ગાથામાં ત્રણ બોલ લીધા છે. સમજાણું કાંઈ? વાસ્તવિક તત્ત્વનો ખ્યાલ ન હોય અને તેને કલ્યાણ થઈ જાય, કેમ થાય? કલ્યાણની ખાણ તો આત્મા છે. તેની એકરૂપ દૃષ્ટિ થયા વિના કલ્યાણનું બીજ ક્યાંથી ઉગશે? સમ્યગ્દર્શન, જ્ઞાન, મોક્ષ ક્યાંથી ઉત્પન્ન થશે?

અહીં તો આચાર્ય (કહે છે), **'નિર્વાણનો ઉપાય એક શુદ્ધાત્માનુભવ છે, જ્યાં મનના સર્વ વિકલ્પ...'** અને વિચાર **'બંધ થઈ જાય છે, કાયા સ્થિર થઈ જાય છે, વચનાલાપ રહેતો નથી.'** એ તો ઠીક, એનું કાંઈ નહિ. સ્વાનુભવનો પ્રકાશ થાય છે તેને નિર્વિકલ્પ સમાધિ કહે છે. સમ્યગ્દર્શન, જ્ઞાનમાં અને ચારિત્રના અંશમાં પણ નિર્વિકલ્પ સમાધિ થાય છે. નિર્વિકલ્પ રાગ વિનાની શાંતિ, શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિ (થાય) એ નિર્વિકલ્પ સમાધિ છે. તે જ મોક્ષનો માર્ગ છે. ભારે કઠણ વાત. આવું કેમ કીધું?

ભાઈ! ઉદયતિ નય નિક્ષેપ, (સમયસાર, કળશ-૯) કીધું નથી? નય, નિક્ષેપ અને પ્રમાણ પણ ઉડાવી દે. કારણ કે ભેદ ઉપર તારું લક્ષ જશે તો વિકલ્પ થશે. ભગવાનઆત્મામાં જે પરિપૂર્ણતા પડી છે, જેમાં અનંત ગુણની એકરૂપતા છે તેની ઉપર દૃષ્ટિ દે, તેમાં રમણતા કર તો તને નિર્વાણ થશે જ. જેમ પેલામાં કહ્યું કે, નિઃસંદેહ બંધાઈશ. એમ (અહીંયાં કહે છે), નિઃસંદેહ તારી મુક્તિ થશે. શંકારહિત. ગુલાંટ ખાધી. સમજાણું કાંઈ? એ વ્યવહાર રત્નત્રય મુક્તિનો ઉપાય નથી, એમ કહે છે.

મુમુક્ષુ : મદદ કરે.

ઉત્તર : મદદ-ફદદ શું કરે? આહાહા..! નિમિત્ત નિમિત્ત તરીકે છે. નિમિત્ત તરીકેનો અર્થ અહીંયાં કાર્ય થાય છે તો નિમિત્ત તરીકે સહકારી વિકલ્પ છે તેને ઉપચારથી મોક્ષમાર્ગ કહ્યો. છે નહિ, છે તો તે બંધનો માર્ગ.

મુમુક્ષુ : વિકલ્પ હોય તો કાંઈક લાભ થાય.

ઉત્તર : જરીયે લાભ નથી.

મુમુક્ષુ : અશુભથી બચે.

ઉત્તર : સ્વભાવની દૃષ્ટિથી અશુભથી બચે છે. જો તેનાથી બચે તો મિથ્યાદૃષ્ટિને પણ શુભમાં અશુભથી બચ્યો કહેવામાં આવે. (મિથ્યાદૃષ્ટિ) બચ્યો જ નથી. ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનું એકરૂપ પ્રભુ, તેની દૃષ્ટિ કરવાથી જ અને તેમાં લીન થવાથી જ મોક્ષનો માર્ગ પ્રગટ થાય છે, બીજો કોઈ મોક્ષમાર્ગ નથી. શું થાય?

મુમુક્ષુ :- શાંત નિર્વાણ..

ઉત્તર :- શાંત નિર્વાણ (એટલે) અકષાય, અકષાય. બધું ઠરી ગયું. કષાયની બધી અગ્નિ ઠરી ગઈ. એકલો અકષાય શાંત દરિયો ફાટ્યો. એ શાંત મોક્ષ છે. આ કષાય તે સંસાર અને શાંત તે મોક્ષ. નિર્વાણક્ષેત્રનું કાંઈક આવે છે ને? છેદે છે, એવી ભાષા ક્યાંક આવે છે. સિદ્ધ.. સિદ્ધ. ... શબ્દ આવે છે, બધું કાંઈ યાદ રહે છે? શિતલીભૂત થઈ જાય છે, એમ. અકષાય પરિણમન શીતલીભૂત શાંત દશા તે મોક્ષ. સકષાય ભાવ તે સંસાર. સમજાણું કાંઈ? નિર્વાણ.. નિર્વાણની કાંઈક વ્યાખ્યા કરી છે. નિર્વાણની ક્યાંક વ્યાખ્યા કરી છે. 'સર્વાર્થસિદ્ધિ'માં કે બીજે ક્યાંક કરી છે. નિર્વાણનો અર્થ કર્યો છે. આમ ઠારી દીધું, એવું કાંઈક આવે છે. મગજમાં છે. ઠરી ગયો. હિમ.. હિમ ઠંડો હિમ જેમ પડે ને વાયુ નાખે, પોષ મહિનામાં ઠંડો હિમ વનને બાળી નાખે. આ ઠંડી અવિકારી પર્યાય જ્યાં પ્રગટ થઈ (તેણે) સંસાર બાળી નાખ્યો. શાંત.. શાંત.. શાંત.. હેં?

મુમુક્ષુ : સિદ્ધિભૂદામાં આવે છે.

ઉત્તર : સિદ્ધિભૂદામાં એ આવે છે. સિદ્ધિભૂદામાં એવું આવે છે. સિદ્ધિભૂદામાં આવે છે. ખ્યાલમાં છે. સમજાણું કાંઈ? આહાહા..! 'ઉપશમરસ વરસે રે પ્રભુ તારા નયનમાં' આવે છે ને? કરકમળમાં કૃપામૃત, આવે છે ને? હેં? એવું ભક્તો અનેક પ્રકારે કહે. અહીં તો ઉપશમની વાત કહેવી છે. ઉપશમ એટલે કે અકષાયભાવ. અકષાયભાવની પૂર્ણતા તે વીતરાગ. આત્મા એ અકષાયભાવ સ્વરૂપ છે એવો અકષાયભાવ પર્યાયમાં પ્રગટ થવો તે શાંતભાવ છે. સમજાણું કાંઈ?

**'એ જ આત્મસ્વભાવ છે,...'** આત્મામાં રાગરહિત.. ભાષામાં સહેલું છે, હોં! પુરુષાર્થમાં ઉગ્રતા છે. ભાષામાં કોઈ ભાવ આવી જતા નથી. કહે છે કે, આત્મસ્વભાવભાવમાં એકાગ્ર થવાથી રાગરહિત નિર્વિકલ્પ દૃષ્ટિ, જ્ઞાન અને સ્થિરતા થાય તે નિર્વિકલ્પ સમાધિ છે, તે મોક્ષમાર્ગ છે, એ જ આત્મસ્વભાવ છે. રાગભાવ આત્મસ્વભાવ નથી. વ્યવહાર રત્નત્રય આત્મસ્વભાવ નથી. આહાહા..! વ્યવહાર રત્નત્રય અનાત્મભાવ છે. આસ્રવ છે ને? (માટે) અનાત્મભાવ છે.

(એ જ) આત્મસ્વભાવ (છે). **'અહીં જ યથાર્થમાં મોક્ષમાર્ગ છે.'** ભગવાનઆત્મા પોતાના પૂર્ણ જ્ઞાયકસ્વરૂપ તરફની દૃષ્ટિ નિર્વિકલ્પ કરીને અંદર સ્થિર થવું તે જ મોક્ષનો માર્ગ છે. તે જ **'સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રની એકતા છે.'** શ્રાવકને પણ આવો અંશ છે, હોં! 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'માં કહ્યું છે, જેટલો મુનિનો માર્ગ છે તેનો એક અંશ શ્રાવકને પણ છે. બધું લઈ લેવું. સમિતિ, ગુપ્તિ આદિ, હોં! થોડો અંશ, એવો પાઠ છે. 'અમૃતચંદ્રાચાર્યદેવ'.

**'રાગ-દ્વેષ રહિત વીતરાગભાવ છે...'** આત્માના સ્વભાવના આશ્રયે દૃષ્ટિ, જ્ઞાન, લીનતા થયા તે જ વીતરાગભાવ છે. તે જ **'પરમ સમતા છે. એ જ એક અદ્વૈતભાવ છે.'** ભાવ, હોં! પર્યાય. દ્રવ્ય તો અદ્વૈત છે જ. અદ્વૈત એકરૂપ સ્વભાવની એકતામાં અદ્વૈતભાવ વિકલ્પરહિત ભેદભાવરહિત અભેદ દશા ઉત્પન્ન થાય તે અદ્વૈતભાવ છે. **'એ જ સંવર અને નિર્જરા તત્ત્વ છે. માટે જ્ઞાનીએ વ્યવહારનયના**

**વિચારને તો બિલકુલ છોડી દેવા જોઈએ.'** આહાહા..! પેલા બંધ-મોક્ષની વાત કરી ને, એ વ્યવહારનય(નો વિચાર છે). આ બંધ છે, આ રાગમાં આત્મા રોકાઈ ગયો છે, રાગથી રહિત થશે એવી મુક્તિની પર્યાયના વિચારમાં તો નિઃસંદેહ શુભરાગ થશે અને શુભરાગથી તને બંધ જ થશે. કહો, આ બંધ-મોક્ષનો વિચાર રાગ (છે).

મુમુક્ષુ : વિચાર તો જાણવા જોઈએ.

ઉત્તર : નહિ, વિચારનો અર્થ અહીંયાં રાગ લેવો છે. ભેદ પડ્યો ને? જ્ઞાનનો વિચાર ત્યાં અટકી ગયો, રોકાઈ ગયા. વિચારને વિકલ્પ કહે છે. 'રાજમલ્લજી'એ એમ લીધું છે. આપણે પણ લીધું છે. 'રાજમલ્લજી'એ લીધું છે, વિચાર સુદ્ધાં બંધનું કારણ છે. વિચાર એટલે? એ તો જ્ઞાનની પર્યાય છે. લીધું છે. રાગ આવે છે ને? ભેદ પડે છે તેને રાગ કહ્યો છે. 'રાજમલ્લજી'એ લીધું છે. આપણે પણ લીધું છે. આપણે 'સમયસાર'માં લીધું છે, ખબર છે. ભાઈએ નાખ્યું છે, વિચાર સુદ્ધાં બંધનું કારણ છે. એ ભાષા શાસ્ત્રની છે, 'રાજમલ્લજી'ની છે. વિચારનો અર્થ વિકલ્પમાં રોકાય છે તે. ભેદ પાડે છે. જ્ઞાન નહિ, જ્ઞાનનો તો જાણવાનો સ્વભાવ છે, પણ એ જ્ઞાન રોકાઈ જાય છે તેને અહીં વિચારના અર્થમાં (કહ્યું છે).

**'વ્યવહારનયથી એમ જોવામાં આવે છે કે આત્મામાં કર્મોનો બંધ છે, આત્માની સાથે શરીર છે, આત્મામાં ક્રોધ, માન, માયા, લોભના ભાવ છે... આપણે ચોથા, પાંચમા, છઠ્ઠા કે સાતમા ગુણસ્થાનમાં છીએ.'** એ તો બધો વ્યવહારનો વિષય છે. છોડી દેવાનો અર્થ લક્ષ છોડી દેવું. વસ્તુ નથી કાંઈ? લક્ષ છોડી દેવું, તેનો આશ્રય છોડી દેવો. વસ્તુ ક્યાં ચાલી જાય? **'આપણે મનુષ્યગતિમાં છીએ, આપણે સંજ્ઞી પંચેન્દ્રિય છીએ,...'** પુરુષ છીએ એ બધા ભેદ છે. **'આપણે ભવ્ય છીએ, આપણે સમ્યગ્દૃષ્ટિ છીએ, આપણે સંજ્ઞી છીએ,.. આ રીતે ગુણસ્થાન તથા માર્ગણસ્થાનોનો વિચાર અથવા કર્મોના આસ્રવ ભાવોનો વિચાર અથવા ચાર પ્રકારના બંધનો વિચાર અથવા સંવર નિર્જરાના કારણનો વિચાર આ સર્વ વ્યવહારનય દ્વારા વિચારવું ચંચળતાજનક છે.'** ચંચળ લીધું.

**'શુભોપયોગમય છે માટે બંધના કારણ છે. '** જુઓ! અહીં લીધું. એ શુભોપયોગમય છે, અશુભ નહિ. 'ધવલ'માં બીજું નથી. પંડિતજીએ 'ધવલ' નથી વાંચ્યું? આપણા 'વિમલચંદજી'એ બહુ વાંચ્યું છે. 'વિમલચંદજી', નહિ? પંડિતજી! 'વિમલચંદજી' નહિ? એણે બહુ વાંચ્યું છે. એનો અભ્યાસ ઘણો, 'ધવલ', 'જયધવલ', 'મહાધવલ'નો ઘણો અભ્યાસ. પાનેપાનાનું કહી દે. ઘણો અભ્યાસ. તેણે બે જ અભ્યાસ કર્યા, એક ઈજનેરનો (તેને) છોડીને આ (કર્યો). બીજું કાંઈ નાટક-ફાટક, ફિલ્મ-બિલમ (કાંઈ નહિ). જુવાન અવસ્થા, હમણા લગ્ન કરીને આવ્યો હતો, પાંચ દિવસ રહી ગયો. હમણા લગ્ન થયા. સાડા ચારસો, પાંચસોનો પગાર છે. લગ્ન કરીને આવ્યો હતો, હમણા પાંચ દિવસ રહી ગયો. તેને ઘણો અભ્યાસ છે. 'ધવલ', 'જયધવલ', 'મહાધવલ' ઘણો અભ્યાસ, ઘણો અભ્યાસ, યાદશક્તિ પણ ઘણી.

મુમુક્ષુ :- વિશેષ પ્રકાર..

ઉત્તર :- વિશેષ પ્રકાર નહિ, દૃષ્ટિ (ફર્યા) વિના વિશેષ પ્રકાર હોતો જ નથી. એ તો પહેલોવહેલો આવ્યો ત્યારે કહેતો હતો, મહારાજ! આપ જે કહો છો તે યથાર્થ છે. 'ધવલ'માં નિમિત્તપ્રધાનતાથી કથન છે. કારણ કે શાસ્ત્રમાં એમ લખે, લ્યો! 'સમયસાર'માં ત્રીજી ગાથામાં (એમ લખે), એક દ્રવ્ય બીજા દ્રવ્યને ક્યારેય સ્પર્શ કરતું નથી. એક દ્રવ્ય પોતાના અનંત ગુણને ચૂંબે છે પણ અન્ય દ્રવ્યને ચૂંબતું નથી. પંડિતજી! ત્રીજી ગાથામાં. **'एयत्तणिच्छयगदो समओ सव्वत्थ सुंदरो लोगे।'** ત્યાં ટીકામાં (આવે) છે. 'ધવલ'માં એમ લીધું છે કે, આત્મા આત્માને સ્પર્શે, આત્મા પરમાણુને સ્પર્શે, આત્મા ધર્માસ્તિકાયને સ્પર્શે એમ આખો એક સ્પર્શદ્વાર લીધો છે. પણ તેનો અર્થ શું? નિશ્ચય છે તે ખોટું છે? એ તો વ્યવહારથી (કહ્યું છે). સ્પર્શનો અર્થ સંયોગ છે તો સ્પર્શ કહ્યું છે. સ્પર્શે શું? સમજાણું કાંઈ? કથનની પદ્ધતિ છે.

મુમુક્ષુ : એકને માનવું અને એકને ન માનવું.

ઉત્તર : નિશ્ચયને સત્ય માનવું અને વ્યવહારને ઉપચારથી કથન માનવું. ત્રીજી ગાથામાં 'અમૃતચંદ્રાચાર્યદેવે' એમ કહ્યું, એક પદાર્થ પોતાના અનંત ધર્મને, ગુણને ચૂંબે છે, આલિંગન કરે છે, સ્પર્શ કરે છે પણ એક દ્રવ્ય બીજા દ્રવ્યના ગુણ-પર્યાયને કદી ચૂંબતા, આલિંગન કરતું નથી. સમજાણું કાંઈ? ત્યાં એમ કહે છે અને ('ધવલ'માં) એમ કહે કે, પરમાણુ આત્માને સ્પર્શે છે, આત્મા ધર્માસ્તિકાયને સ્પર્શે છે. એલા પણ આત્મા ધર્માસ્તિકાયને સ્પર્શે છે એનો અર્થ શું? એ વખતે સંયોગને ત્યાં સ્પર્શ કહ્યો છે, (બાકી) સ્પર્શ છે નહિ. એવી કથનની પદ્ધતિ ત્યાં 'ધવલ'માં છે. આખો એક સ્પર્શદ્વાર છે. એ શું છે? સમજાણું કાંઈ?

અહીં કહે છે, ભગવાનઆત્મા..! વ્યવહારનયનો વિચાર ચંચળ શુભઉપયોગ બંધનું કારણ છે. એ સંસારદશા ત્યાગવા યોગ્ય છે અને મોક્ષદશા ગ્રહણ કરવા યોગ્ય છે, એ પણ રાગ-દ્વેષના વિકલ્પ છે. મોક્ષ સારો છે, એ રાગનો અંશ છે. સંસાર ખરાબ, એ દ્વેષનો અંશ છે. સત્યનું સ્થાપન, આમ છે એ પણ જરી રાગનો વિકલ્પ છે. અને આમ નથી, એવો જરી દ્વેષનો અંશ છે. સમજાણું કાંઈ? 'જયચંદ્રજી' પંડિતે 'કર્તા-કર્મ અધિકાર'માં લખ્યું છે, એમ જ છે ને. એકલા જ્ઞાતા સ્વભાવમાં આમ છે. સર્વજ્ઞ કહે એ તો ઈચ્છા વિના વાણી નીકળે છે, એમને તો ઈચ્છા છે નહિ. પણ અહીંયાં નીચેની ભૂમિકામાં (એમ કહે કે), આમ છે, આમ નથી. અંદર ચારિત્રમોહનો અંશ ઉત્પન્ન થાય છે. ઉપાદેય નથી, તે પણ ઉપાદેય નથી. સમજાણું કાંઈ? અહીં તો કહે છે...

ક્ષણિક છે, દુઃખદાયી, અનિત્ય છે, અશાંત છે. અનિત્ય છે ને? એ ત્રિકાળી નથી. અનિત્ય તો પોતાની શુદ્ધ પર્યાય પણ અનિત્ય છે, પણ એ દુઃખદાયી નથી. આ દુઃખદાયક છે, એ અપેક્ષાએ ફેર છે. ક્ષણિક તો કેવળજ્ઞાન પણ ક્ષણિક છે. એક સમયની પર્યાય કેવળજ્ઞાન બીજા સમયે તે રહેતી નથી. એ નહિ, એવી જ (બીજી) થાય પણ એ દુઃખદાયક નથી. વિકલ્પ છે તે દુઃખદાયક છે. એટલો ફેર છે. એ માટે અહિતકર છે, છોડવા લાયક છે. સમજાણું કાંઈ?

(નિયમસાર) ૫૦ મી ગાથામાં ક્ષાયિક સમકિતને હેય કહ્યું, પરભાવ કહ્યું, પરદ્રવ્ય કહ્યું. તેનો અર્થ તેનો આશ્રય કરવાથી વિકલ્પ ઉત્પન્ન થાય છે તે વિકલ્પ દુઃખરૂપ છે. પર્યાય દુઃખરૂપ નથી-ક્ષાયિક સમકિત દુઃખરૂપ નથી, એ તો આનંદરૂપ છે. સમજાણું કાંઈ? એમ ક્ષણિક છે તે દુઃખરૂપ છે, એમ પણ નહિ. ક્ષણિક તો કેવળજ્ઞાન પણ ક્ષણિક છે, સિદ્ધની પર્યાય પણ ક્ષણિક છે. બધી પર્યાય ક્ષણિક છે. સિદ્ધની એક સમયની પર્યાય સિદ્ધ રહે છે. બીજે સમયે બીજી થાય છે, પર્યાય ગુલાંટ ખાય છે. ધ્રુવપણે કાયમ રહે છે. એક સમયની પર્યાય અનંત જ્ઞાન, દર્શન ચતુષ્ટય પ્રગટ થયા તે એક સમય રહે છે, બીજે સમયે બીજા, ત્રીજે સમયે ત્રીજા. એક સમયમાં બે પર્યાય રહેતી નથી.

(અહીંયાં કહે છે), એ વિકલ્પનો અંશ જે થાય છે કે, આ સારું, એમાં એ રાગનો ભાગ આવે છે. તે કારણે તે જ્ઞાતા-દૃષ્ટામાં દખલ ઉત્પન્ન કરનાર છે. સમજાણું કાંઈ? ભગવાનનો માર્ગ, આત્માનો માર્ગ એવો છે. આંખની પાપણમાં તો થોડી રજ સમાય પણ આમાં તો સમાય નહિ. એવો પ્રભુનો માર્ગ છે, ભાઈ!

મુમુક્ષુ : આ સિદ્ધ ભગવાન છે-અરિહંત ભગવાન છે...

ઉત્તર : એ જાણવું બીજી વાત છે, પણ એમાં ભેદ કરીને લક્ષ ત્યાં ગયું તો વિકલ્પ ઉત્પન્ન થાય છે.

મુમુક્ષુ : સર્વજ્ઞનું જ્ઞાન તો જાણે છે.

ઉત્તર : (સર્વજ્ઞ) બધું જાણે છે પણ તેમને ઈચ્છા નથી, રાગ નથી. રાગ નથી ને. આ રાગી છે માટે રાગ ઉત્પન્ન થાય છે. ભેદનું જ્ઞાન કરવું, એ ભેદનું જ્ઞાન કરવું તે રાગનું કારણ નથી, પણ રાગી છે માટે ભેદનું જ્ઞાન કરે છે તો રાગી છે તો રાગ ઉત્પન્ન થાય છે. ભેદનું જ્ઞાન કરવું તે રાગનું કારણ હોય તો સર્વજ્ઞ બધું જોવે (જાણે) છે (તેમને રાગ ઉત્પન્ન થવો જોઈએ). એમ નથી. અહીંયાં રાગી પ્રાણી છે, રાગના અંશમાં પડ્યો છે તે કારણે ભેદનું લક્ષ કરે છે તો રાગ આવ્યા વિના રહેતો નથી.

એમાં ('સમયસાર'માં) પણ લીધું છે, સાતમી ગાથામાં લીધું છે. 'જયચંદ્રજી' પંડિતે બહુ સારું લીધું છે, બધા વ્યાખ્યાન થઈ ગયા છે. સાતમી ગાથા. '**ववहारेणुवदिस्सदि**' છે ને? એમાં લીધું છે. (ભાવાર્થ) '**અહીં કોઈ કહે કે પર્યાય પણ દ્રવ્યના જ ભેદ છે, અવસ્તુ તો નથી; તો તેને વ્યવહાર કેમ કહી શકાય?**' દર્શન, જ્ઞાન, ચારિત્ર તો પોતાની પર્યાય છે, તેને વ્યવહાર કેમ કહેવાય? સમજાય છે? વ્યવહાર તો એને કહીએ, સમજાય છે? જુઓ! તેનું સમાધાન, વ્યવહાર એને કહેવાય કે પોતામાં ન હોય એવા પરને વ્યવહાર કહેવાય. આ તો તમે પોતાની પર્યાયને વ્યવહાર કહો છો. તો વ્યવહારનો અર્થ એમ થાય છે કે, અવસ્તુ થાય છે. પોતાની ચીજ નથી તે અવસ્તુ છે. તો પર્યાયને તમે અવસ્તુ કેમ કહો છો? અર્થાત્ તમે વ્યવહાર કેમ કહો છો? વ્યવહાર કહેતાં જ તમે અવસ્તુ કહી. (એમ) શિષ્યએ પ્રશ્ન કર્યો. તમે વ્યવહાર કેમ કહ્યું? તો અવસ્તુ થઈ જાય છે. તો કહે છે, સાંભળ. એ ખરી વાત છે, તારી વાત સાચી છે. એમ કહીને કહે છે.

'**(એ તો ખરું છે) પણ અહીં દ્રવ્યદૃષ્ટિથી અભેદને પ્રધાન કરી ઉપદેશ છે. અભેદદૃષ્ટિમાં ભેદને ગૌણ કહેવાથી જ અભેદ સારી રીતે માલૂમ પડી શકે છે.**' એમાં ભેદ છે, અભેદમાં અંદર ગુણ નથી? પણ ગુણભેદ કરવાથી વિકલ્પ ઉત્પન્ન થાય છે. '**ભેદને ગૌણ કરીને તેને વ્યવહાર કહ્યો છે.** ' જોયું? ભેદને ગૌણ કરીને વ્યવહાર કહ્યો. '**અહીં એવો અભિપ્રાય છે કે ભેદદૃષ્ટિમાં નિર્વિકલ્પ દશા થતી નથી અને સરાગીને વિકલ્પ રહ્યા કરે છે;...**' આ એક મહાસિદ્ધાંત છે. '**માટે જ્યાં સુધી રાગાદિ મટે નહિ ત્યાં સુધી ભેદને ગૌણ કરી અભેદરૂપ નિર્વિકલ્પ અનુભવ કરાવવામાં આવ્યો છે. વીતરાગ થયા બાદ ભેદાભેદરૂપ વસ્તુનો જ્ઞાતા થઈ જાય છે...** ' પછી ભેદ જાણે, ત્રણકાળ ત્રણલોક (જાણે). ભગવાન એક એક પર્યાય બધી જાણે છે. એ રાગનો ભેદ જાણવો તે રાગનું કારણ નથી, પણ રાગી પ્રાણી છે અને ભેદ ઉપર લક્ષ જાય છે તો વિકલ્પ ઉત્પન્ન થયા વિના રહેતો નથી. એ હેતુ છે.

એ કારણ અહીંયાં કહ્યું. ભગવાન તો એક એક પર્યાયના અનંતા અવિભાગ પ્રતિચ્છેદને એક એકને પૃથક્ પૃથક્ જાણે છે. એક દ્રવ્યના અનંત ગુણ, એક ગુણની અનંતી પર્યાય, એક પર્યાયના અનંતા અવિભાગ પ્રતિચ્છેદ. જ્ઞાનમાં તો ભગવાન સર્વ વિશેષ જાણે છે. વિશેષ જાણવું તે કાંઈ રાગનું કારણ નથી. પરંતુ નીચે ઉપયોગ રાગવાળો છે અને રાગી પ્રાણી છે તો ભેદનું લક્ષ કરવાથી રાગીને રાગ ઉત્પન્ન થાય છે. એમ વાત છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ : અનુમોદન છે તે ?

ઉત્તર : અનુમોદન નહિ, એ વિકલ્પ છે. એ રાગી છે ને? તો ત્યાં એકકરૂપતા ન રહી, અનેકતાનું લક્ષ થયું તો વિકલ્પ જ ઉત્પન્ન થાય છે. જરા સમજવું. અનેકરૂપ જાણવું તે રાગનું કારણ છે, પણ રાગી એકરૂપને જાણે ત્યારે નિર્વિકલ્પ થાય છે અને રાગી છે માટે અનેક ઉપર લક્ષ જાય ત્યારે તેને વિકલ્પ ઉત્પન્ન થાય છે, તે રાગનું કારણ છે મોહનું. સમજાણું કાંઈ?

અહીં કહે છે, '**વીતરાગ દશા પામવા માટે વ્યવહારનયના સર્વ વિચારો બંધ કરીને કેવળ નિશ્ચયનય દ્વારા પોતાને અને જગતને જોવું જોઈએ.**' પોતાના સ્વરૂપને પણ નિશ્ચયથી જોવું. તેનું સ્વરૂપ અભેદ ત્રિકાળ સ્વરૂપ છે તેવું દૃષ્ટિમાં લેવું. (પછી) વિશેષ વાત કરી છે. '**જ્યાં સુધી વિચાર છે ત્યાં સુધી મનનો વિકલ્પ છે.**' એ આ જાતના, હોં! '**જ્યારે વિચાર કરતાં મન સ્થિર થઈ જાય ત્યારે સહજ સ્વરૂપમાં રમણતા થઈ જાય છે, સ્વાનુભવ થઈ જાય છે. આનાથી જ ઘણા કર્મોની નિર્જરા થાય છે. આની પ્રાપ્તિને મોક્ષમાર્ગ જાણો. જ્યારે સ્વાનુભવ થાય ત્યારે મોક્ષમાર્ગ છે.**' મોક્ષમાર્ગ ત્રિકાળ કાયમ તો છે પણ સ્વાનુભવ ઉપયોગ થયો ત્યારે મોક્ષમાર્ગ થયો.

'**સ્વાનુભવ સિવાય મનના વિચારને અને શાસ્ત્રપઠનને કે કાયાના આચરણને, મહાવ્રત-**

**અણુવ્રતના પાલનને મોક્ષમાર્ગ કહેવો તે યથાર્થ નથી, વ્યવહારમાત્ર છે.'** કથનમાત્ર છે. ભાઈ! શું કરે? સ્વતંત્ર જીવ છે. એને પણ અનંત તીર્થંકરો આવે તોપણ ન ફરે એવો છે અને જ્યારે સવળો પડે ત્યારે અનંતા પરિષહો પડે તો ન ડગે એવો છે. એ બન્નેમાં આત્મા અડગ છે. એનું એટલું વીર્ય છે. 'અનુભવ પ્રકાશ'માં લીધું ને? ભગવાન! તારી શુદ્ધતા તો મોટી છે પણ તારી અશુદ્ધતા પણ મોટી છે. 'દીપચંદજી'એ લીધું છે. તારી અશુદ્ધતા પણ મોટી. અનંત તીર્થંકરો આવે, જ્ઞાની આવે ને સમજાવે તોપણ તું અશુદ્ધતા છોડી દે એમ નથી. તું છોડે તે દિ' છૂટશે. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની પોતામાં એટલા દૃઢ છે (કે) તરવાર પડે, વજ્ર પ્રહાર (થાય), આખી દુનિયામાં ફેરફાર થઈ જાય તોપણ પોતાની દૃષ્ટિથી અને પોતાની સ્થિરતાથી તેઓ ડગતા નથી. સવળામાં પણ એવો છે અને અવળામાં પણ એવો છે. તાકાત તો તેની છે કે નહિ?

અણુવ્રતના પાલનને મોક્ષમાર્ગ કહેવો તે વ્યવહાર છે. **'જેમ સોનાના મ્યાનમાં તલવાર હોય તેને સોનાની તલવાર કહીએ તેમ.'** તલવાર તો લોઢાની છે. દાખલો ઠીક આપ્યો છે. 'સમયસાર'નો છે. દાખલા બધા શાસ્ત્રોના જ આપે છે. દાખલા તો શાસ્ત્રના જ દેવા જોઈએ ને! ભલે નામ ન આપે પણ શાસ્ત્રનું લખાણ હોવું જોઈએ. ઘરની કલ્પના (નહિ જોઈએ).

**'સ્વાનુભવ છૂટી જાય ત્યારે સાધકે નિશ્ચયનય અથવા દ્રવ્યાર્થિકનય દ્વારા શુદ્ધ તત્ત્વોનો વિચાર કરવો જોઈએ.'** એમ કહે છે. ઘણી લાંબી વાત છે. ઉપયોગ ન જામે તો વ્યવહારનયનો પણ વિચાર કરવો. શાસ્ત્ર વાંચે, ઉપદેશ દે, **'ભાવના એ જ રાખવી કે હું શીઘ્ર જ સ્વાનુભવમાં પહોંચી જાઉં.'**

મુમુક્ષુ : રાગ છે તેટલો બંધ તો છે ને.

ઉત્તર : યથાર્થપણે જેટલો રાગ છે તેટલો બંધ થાય છે ને. ચોથે, પાંચમે અનુભવ થયો પણ હજી અબુદ્ધિપૂર્વક રાગ છે, અબુદ્ધિપૂર્વક રાગ છે. અનુભવથી નહિ, પણ જેટલો રાગ છે તેટલો બંધ તો તેને પણ છે. છઠ્ઠે ગુણસ્થાને થોડો બંધ તો છે ને! હેં?

મુમુક્ષુ : રાગ સાથે જ હોય છે.

ઉત્તર : સાથે જ નહિ, વસ્તુદૃષ્ટિ એવી છે. સ્થિર છે પણ પૂર્ણ સ્થિર નથી, પૂર્ણ સ્થિર હોય તો કેવળજ્ઞાન થઈ જાય.

મુમુક્ષુ : ..

ઉત્તર : હોય છે છતાં કેવળજ્ઞાન જેવી સ્થિરતા નથી. જ્યારે થાય છે ત્યારે પણ યથાખ્યાત ચારિત્ર જેવી સ્થિરતા નથી. છે જ નહિ, ચોથે, પાંચમે, છઠ્ઠે યથાખ્યાત ચારિત્ર જેવી સ્થિરતા હોતી જ નથી. જેટલી સ્થિરતા નથી તેટલો અંદર અબુદ્ધિપૂર્વકનો રાગ થયા વિના (રહે નહિ).

મુમુક્ષુ : ...

ઉત્તર : એ બીજી વાત છે. અંદરમાં રાગ નથી રહેતો. રાગ બાકી છે, રાગ બાકી છે. રાગ બાકી ન હોય તો વીતરાગ થઈ જાય, કેવળજ્ઞાન (થઈ જાય). એક ક્ષણમાં અનુભવ થયો, ક્ષણમાં અનુભવ થયો તો ત્યાં વીતરાગ થઈ ગયો પર્યાયમાં? વીતરાગ થયો હોય તો પછી રાગ આવ્યો ક્યાંથી? પછી પાછો રાગ આવ્યો. એ રાગ અંદર છે. અનુભવ કરવામાં બુદ્ધિપૂર્વકનો રાગ નથી. અબુદ્ધિપૂર્વકનો રાગ એ જ સમયે છે પણ દૃષ્ટિના જોરમાં એમ પણ કહેવામાં આવે છે કે, અનુભવીને નિર્જરા જ છે, બંધ છે જ નહિ. એ તો દૃષ્ટિની પ્રધાનતાની મુખ્યતાથી (કહેવામાં આવે છે). પણ તેને અંદર રાગ બાકી છે તેટલો બંધ તો દસમે સુધી છે. સમજાણું કાંઈ? ગૌણમાં જે (રાગ) છે તેનું જ્ઞાન તો તેને હોવું જોઈએ. સ્થિરતા થઈ જાય, એકદમ અનુભવમાં પૂર્ણ સ્થિરતા (થઈ જાય), સિદ્ધ જેટલો આનંદ પ્રગટ થઈ જાય તો ખલાસ થઈ ગયું. સિદ્ધ જેટલો નહિ, સિદ્ધ જેવો અંશ છે, સિદ્ધ જેટલો નથી. એટલે અહીં કહે છે, પોતાના સ્વરૂપમાં ન રહી શકે, શુભભાવ થાય પણ વિચાર તો પોતામાં રાખવો. અંતર અનુભવ કેમ થાય? અંતરમાં કેમ જાઉં? એવી ભાવના રાખવી તે જ મોક્ષનો ઉપાય છે.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

***



**પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પરમાગમસાર ગ્રંથના બોલ-૨૫૨ ઉપર થયેલ ભાવવાહી પ્રવચન, તા. ૨૫-૫-૧૯૮૩, પ્રવચન નં. ૧૧૦ (વિષય : માર્ગદર્શન)**

**પ્રશ્ન :- તત્ત્વનું શ્રવણ-મનન કરવા છતાં સમ્યગ્દર્શન કેમ થતું નથી?**

**ઉત્તર :- ખરેખર અંતરથી રાગના દુઃખનો થાક લાગ્યો નથી એટલે તેને વિસામાનું સ્થાન-શાંતિનું સ્થાન હાથ આવતું નથી. ખરેખર અંદરથી દુઃખનો થાક લાગે છે તેને અંદરમાં જતાં વિસામાનું સ્થાન હાથ આવે છે. સત્યના શોધવાવાળાને સત્ય મળે નહીં એમ બનતું નથી. ૨૫૨.**

પ્રશ્ન છે. '**તત્ત્વનું શ્રવણ-મનન કરવા છતાં સમ્યગ્દર્શન કેમ થતું નથી?**' આવો પ્રશ્ન છે. આપણા મુમુક્ષુઓ માટે આ મહત્ત્વનો પ્રશ્ન છે. સમ્યગ્દર્શનનું કારણ ગણાય છે એવી જે તત્ત્વજ્ઞાન વિષયક પ્રવૃત્તિ, તત્ત્વ અભ્યાસ, શ્રવણ કરવાથી, મનન કરવાથી, વાંચન કરવાથી અનેક પ્રકારે તત્ત્વનો અભ્યાસ કરવા છતાં સમ્યગ્દર્શન કેમ થતું નથી? સામાન્યપણે તત્ત્વજ્ઞાનનો અભ્યાસ સમ્યગ્દર્શનનું કારણ છે. તોપણ, સર્વ જીવોને તત્ત્વાભ્યાસ કરવા છતાં સર્વ જીવોને સમ્યગ્દર્શન થાય એવું પ્રત્યક્ષપણે બનતું નથી એમ જોવામાં આવે છે. બરાબર છે? તો એના કારણો છે. યોગ્યતાવશ અનેકવિધ પ્રકારના એના કારણો છે. અને એ વિષય ઘણો બહોળો છે, ઊંડો છે. અહીંયાં એના કોઈ કોઈ મુદ્દાઓને સ્પર્શીને ઉત્તર છે.

'**ઉત્તર :- ખરેખર અંતરથી રાગના દુઃખનો થાક લાગ્યો નથી એટલે તેને વિસામાનું સ્થાન-શાંતિનું સ્થાન હાથ આવતું નથી.**' શું કહે છે? અનેક કારણો છે એમાંનું આ એક પણ વિશિષ્ટ અથવા ખાસ કારણ છે કે મુમુક્ષુ હોવા છતાં અંતરથી રાગના દુઃખનો થાક લાગ્યો નથી. જે કોઈ રાગાદિ ભાવે પરિણમે છે, પ્રવર્તે છે એવા ચાલુ ઉદયભાવમાં એને દુઃખ વેદાય છે, દુઃખ ઉત્પન્ન થાય છે એ દુઃખથી છૂટવા માટે જે એને થાક લાગવો જોઈએ (એ લાગતો નથી). થાકનો અર્થ શું છે કે જે પ્રવૃત્તિ કરતા તે પ્રવૃત્તિમાં થાક લાગતા અથવા એ સ્થિતિ આવતા એ પ્રવૃત્તિ બંધ થઈ જાય. થાકી જાય એટલે બંધ થઈ જાય. પાણીમાં ડૂબતો માણસ તરતો હોય, તરતા આવડતું હોય એવો માણસ દરિયામાં હોય અને જો તરતા તરતા થાકી જાય તો એને બચવું હોય તોપણ તરવાનું કાર્ય ન કરી શકે. કેમકે થાકી ગયો છે.

અમારા મિત્ર છે. તરવૈયા છે. 'મુંબઈ'માં રોજ ચોપાટીના દરિયામાં તરવા પડે અને માઈલ-બે માઈલ ઊંડે દરિયામાં વયા જાય. ૩૬૦ દિવસ. વર્ષોથી એ પ્રેક્ટિસ થઈ ગયેલી. કલાકો સુધી તરે. સવારમાં વહેલા જાય, કલાકો સુધી તરે. એકવાર એવું બન્યું. અત્યારે બંધ થઈ ગયા છે ઠામુકા દરિયામાં પડતા. વર્ષો સુધી એ તર્યા છે. એકવાર એવું બન્યું કે બે-ત્રણ માઈલ નીકળી ગયો હોઈશ. પાછો આવતો હતો કિનારા ઉપર એમાં થાકી ગયો. કોઈ

દિ' થાક નહિ લાગેલો. પણ એવો થાકી ગયો કે એકાદ ફર્લાંગ જેટલો કિનારો દૂર રહ્યો તો મને એમ થયું કે હવે હું ડૂબી જઈશ. આ કિનારા સુધી હું તરીને પહોંચી શકું એ પરિસ્થિતિ દેખાતી નથી. એવો થાક લાગેલો. માંડ માંડ પહોંચ્યો ત્યારે એને એમ થયું કે આ જીવત નહિ પણ જીવી ગયો. પાણી મૂકી દીધું. કોઈ વખત દરિયાના પાણીમાં તરવા પડવું નહિ. બંધ કરી દીધું. થાકનો અર્થ એ છે કે બચવું હોય તો ન બચી શકાય. એ પ્રવૃત્તિ જ છૂટી જાય. થઈ શકે નહિ, કરી શકાય નહિ.

જોકે અહીંયાં તો મુમુક્ષુ જીવ રાગની પ્રવૃત્તિ કરવા ચાહતો નથી, ઇચ્છતો નથી પણ થાક તો એવી ચીજ છે કે ઇચ્છે તોપણ ન થઈ શકે. અનેકવિધ પ્રવૃત્તિમાં એમ છે. તો અહીંયાં કહે છે કે જેને રાગનો અભાવ કરીને વીતરાગતા પ્રગટ કરવી છે એને અંતરથી રાગનું જે દુઃખ ઉત્પન્ન થાય છે એનો જો થાક લાગે તો એને અંદરમાં આરામનું સ્થળ, અભિરામનું સ્થળ, શાંતિનું સ્થળ એને હાથમાં આવે.

લાક્ષણિક પદ્ધતિથી વાત છે કે સામાન્ય રીતે જીવનો એવો સ્વભાવ છે કે જરૂર વગર એ પ્રયત્ન કરતો નથી. જ્યાં સુધી એને જરૂરિયાત ન લાગે ત્યાં સુધી એ પ્રયત્ન કરતો નથી. ઉપેક્ષા સેવે છે. પ્રયત્ન કરવાને બદલે ઉપેક્ષા સેવે છે. વળી એમાં પણ જેટલી જરૂરિયાત લાગે એટલો જ પ્રયત્ન કરે, બાકીની ઉપેક્ષા સેવે. આમ છે. બહારમાં બધે એમ બને છે કે નહિ? ઓછો લાભ હોય ને ઓછું કારણ હોય તો બહુ પ્રવૃત્તિ ન કરે. દુકાને સામાન્ય ઘરાક આવ્યો હોય તો બહુ દરકાર ન કરે. મોટો ઘરાક આવ્યો હોય તો પૂરી દરકાર કરે. આ તો વેપારીને તો અનુભવગોચર થાય એવો વિષય છે.

એમ અહીંયાં પણ એને રાગના દુઃખનો પૂરો થાક લાગ્યો હોય કે હવે કોઈ રીતે આ સહન થાય એવું નથી. અસહ્ય પરિસ્થિતિ જો ઉત્પન્ન થાય તો એ રાગ છૂટ્યા વગર, મટ્યા વિના, તૂટ્યા વિના રહે નહિ. અને વીતરાગતાનો પ્રયત્ન જે છે એ ઉત્પન્ન થયા વિના રહે નહિ. પણ જ્યાં સુધી ખરેખરો અંતરથી એ દુઃખનો થાક લાગ્યો નથી એટલે તેને વિસામાનું સ્થાન જે સ્વદ્રવ્ય, ત્રિકાળી શુદ્ધ દ્રવ્ય જે અનંત અનંત અનંત શાંતસ્વભાવ સ્વરૂપ છે, અનંત શાંતિ સ્વભાવથી જ જેમાં રહેલી છે એવું શાંતિનું સ્થાન એને હાથ આવતું નથી. આમ છે લ્યો!

શોધે તો છે, મુમુક્ષુ છે એટલે એ શોધે છે. ક્યાં શોધે છે? કે શાસ્ત્રમાં શોધે છે. ગુરુની પાસે જાય છે, દેવ મંદિરમાં જાય છે, પૂજા-ભક્તિ કરે છે. દેવ-ગુરુ અને શાસ્ત્ર પાસે એ શાંતિ અર્થે જાય છે. શાંતિ માટે જાય છે કે બીજું કાંઈ કારણ છે? જો અંદરમાં બીજું કારણ હોય એને તો અહીંયાં ચર્ચા કરવી નથી. કાંઈ બીજા લાભે લોભે જતો હોય તો એની તો ચર્ચા કરવી અસ્થાને છે. પણ કોઈ આત્માની શાંતિ માટે દેવ-ગુરુ-શાસ્ત્ર પાસે એટલે કે બાહ્ય સ્થાનોમાં, બાહ્ય પ્રવૃત્તિ કરે છે, આ શાસ્ત્ર પણ બાહ્ય પદાર્થ છે, એના અર્થે જે પ્રવૃત્તિ છે એ પણ બાહ્ય પ્રવૃત્તિ છે, એના નિમિત્તે જે પ્રવૃત્તિ છે તે પણ બાહ્ય પ્રવૃત્તિ છે, એમાંથી શાંતિ મળશે એમ નથી.

અહીં તો જે કોઈ રાગ થાય એ તમામ રાગ દુઃખરૂપ છે એવું એને લાગવું જોઈએ. ચાલતા રાગના અનુભવમાં એને દુઃખ લાગવું જોઈએ. જો દુઃખ લાગે તો એને ત્યાંથી છૂટવાનો અવસર છે. સામાન્ય રીતે એવા તત્ત્વજ્ઞાનના અભ્યાસના કાળમાં કષાયની મંદતા રહે છે અને તેથી જીવોને દુઃખ લાગતું નથી. મંદ કષાયમાં દુઃખ ન લાગે. કષાય તીવ્ર થાય ત્યારે દુઃખ તીવ્ર થાય ત્યારે દુઃખ લાગે પણ કષાય મંદતામાં દુઃખ લાગતું નથી. અહીંયાં છેતરાય છે.

ખરેખર તો આત્માનો જે શાંતસ્વભાવ છે એ શાંતસ્વભાવ છે એમ શાંતસ્વભાવનો વિકલ્પ છે એમાં અશાંતિ છે. બીજી વાત તો દૂર રહી પણ સ્વરૂપની શાંતિ સંબંધિત, સ્વભાવના શાંતપણા સંબંધિત વિકલ્પનું ઉત્થાન છે, રાગનું ઉત્થાન છે એ દુઃખભાવ છે. તે પણ શાંતસ્વરૂપ પરિણામ નથી. એ શાંતિનું પરિણામ નથી. ત્યાંથી ખસવાની જેની તૈયારી થઈ છે એ વિકલ્પમાં નહિ રોકાય. વિકલ્પમાં

દુઃખ લાગવાને બદલે મંદ કષાયની શાતામાં સુખ લાગે ત્યારે તો એ જીવ તેમાં રોકાઈ જાય છે. ત્યાંથી ખસવાને બદલે તેમાં રોકાઈ જાય છે. તે એમ વિચારે છે કે વારંવાર હું આવા આત્મતત્ત્વના વિચાર કરું. બીજા વિચાર ન કરું. આમ નીચે જોવે છે. બીજા વિચાર ન કરું, સંસારના કાર્યોના વિચાર ન કરું, સમાજની પ્રવૃત્તિના વિચાર ન કરું પણ હું આત્માના વિચાર તો કરું. કહે છે કે અભિપ્રાયસહિત કરનારને તો મોટો દોષ છે. અભિપ્રાયસહિત કરનારને તો મોટો દોષ છે. જ્યાં દુઃખ લાગવું જોઈએ ત્યાં દુઃખ ન લાગે તો એ અવશ્ય ત્યાં રોકાશે અને ત્યાંથી છૂટવાનો અવસર આવશે નહિ. બહુ મુદ્દાની વાત લીધી છે. આ વિષય તો બહુ બહોળો છે પણ ઠેઠ સળંગ વાત એક લઈ લીધી છે.

મુમુક્ષુની ભૂમિકામાં પણ ઉત્પન્ન થતાં જે કોઈ રાગના પરિણામ છે એ રાગના પરિણામમાં એને દુઃખ લાગવું જોઈએ. સૂક્ષ્મ વિકલ્પ હોય કે સ્થૂળ વિકલ્પ હોય, તીવ્ર વિકલ્પ હોય કે મંદ વિકલ્પ હોય, સ્થૂળતા અને તીવ્રતામાં દુઃખ વિશેષ છે, ભલે મંદ વિકલ્પમાં મંદ દુઃખ છે પણ છે દુઃખ. એમાં શાંતિ અને સુખ નથી એ વાત તો એને સ્પષ્ટપણે લાગવી જોઈએ. દુઃખ તો લાગવાનો વિષય છે. આ નથી કહેતા? તમે બોલ્યા તેથી મને દુઃખ લાગ્યું. દુઃખ લાગવાનો વિષય છે.

**'ખરેખર અંદરથી દુઃખનો થાક લાગે છે તેને અંદરમાં જતાં વિસામાનું સ્થાન હાથ આવે છે.'** આ નિયમ લીધો છે. સર્વ સાધકોની પૂર્વ સ્થિતિ આવી છે, પૂર્વ પર્યાય આવી છે. જે કોઈ સાધકજીવો સમ્યગ્દર્શનાદિ ધર્મને પામ્યા, આદિ એટલે જ્ઞાન-ચારિત્ર લેવા, તે સર્વ ધર્માત્માઓની ધર્મ પામ્યા પહેલાની પૂર્વ પર્યાય આવી જ હોય છે, નિયમબદ્ધપણે. આ સિદ્ધાંતિક વાત છે. સર્વને માટે આ સિદ્ધાંત છે. કેમકે રાગમાં નિયમથી દુઃખ છે. સમ્યગ્દષ્ટિને તો રાગમાં દુઃખ લાગે જ લાગે. કેમકે એને તો સ્વભાવિક સુખનો અંશ પ્રગટ છે. અને પ્રગટ સુખ વર્તતું હોવાથી એને તો પ્રગટ રાગના દુઃખ સાથે વીતરાગતાનું સુખ મિંઢવણી—મેળવણી થઈ જ જાય છે. એટલે એને તો છેતરાવાનો પ્રસંગ છે નહિ. ભલે એ ભક્તિના, ઉત્સવના રાગમાં નાચતો-રાચતો દેખાય. એવો પ્રસંગ બને. સૌધર્મ ઇન્દ્ર નાચે છેને. તીર્થંકરદેવ ભગવાનનો જન્મોત્સવ કરે છે ત્યારે. કેટલાય તીર્થંકરના એ તો જન્મોત્સવ કરે છે. આયુષ્ય મોટા છે. મનુષ્યના આયુષ્ય નાના છે. અનેક તીર્થંકરોના જન્મ થાય. અનેક તીર્થંકરોના જન્મોત્સવ કરે, નાચે. બધી વખતે એને એવી જ ભક્તિ આવે. રાગમાં ઊભો છે. સમ્યગ્દષ્ટિ હોવા છતાં રાગની અંદર એની સ્થિતિ છે આંશિક રાગની. નાચે છે. કોઈને એમ થાય કે આ રાગમાં રાચે છે. નાચે છે નહિ પણ એના પરિણામમાં તો રાચવું છે. અજ્ઞાનીની જેવું એને રાચવું બનતું નથી. એને એ દુઃખભાવ છે. દુઃખ લાગે છે. તે પણ મનુષ્યપર્યાયને ચાહે છે. દેવાનુપ્રિય. મનુષ્યપર્યાયનું બીજું નામ છે દેવાનુપ્રિય. દેવોને પણ જે પ્રિય છે એ ઇચ્છે છે. ખાસ કરીને સમ્યગ્દષ્ટિ જીવોને એ ભાવના થાય.

મુમુક્ષુ :- દુઃખ લાગે તો શું કરતા હશે?

પૂજ્ય ભાઈશ્રી :- કરતા નથી, થઈ જાય છે. સ્વજનનું મરણ થાય ત્યારે કોઈને રોવાનું દુઃખ કરવું નથી, જોઈતું નથી પણ રોવાઈ જાય છે. પણ બધી વખત? જેટલી વખત મરણ થાય એટલી વખત? પહેલો દીકરો ગુજરી ગયો હોય પછી બીજો દીકરો ગુજરે તો? ઓછું થાય? કે વધારે થાય ડબલ થાય? એક તો ગયો અને આ બીજો ગયો. અર..ર..! એ તો ઉદયભાવ જ એવો છે. તે પ્રકારનો ઉદય ભજે ત્યારે એના ઉદય અનુસાર પરિણામ થાય છે. કરે છે નહિ પણ થઈ જાય છે એ વાત છે ત્યાં. એમ છે. એ હરખ-શોકના બંને પરિણામ થઈ જાય છે.

ખરેખર તો જ્ઞાનીને કે અજ્ઞાની પરિણામ તો તેના સ્વકાળ અનુસાર થઈ જાય છે. જ્ઞાની થઈ જાય છે એમ જાણે છે, અજ્ઞાની કરું છું એમ જાણે છે. એ એનું અજ્ઞાન છે. એ કર્તાપણાની બુદ્ધિ કરી. હું કરું છું તેથી થાય છે

અને ન કરું તો ન થાય. કરું તો થાય અને ન કરું તો ન થાય. એ એની ભ્રમણા છે, અજ્ઞાન છે.

શું કહે છે? કે '**ખરેખર અંદરથી દુઃખનો થાક લાગે છે તેને અંદરમાં જતાં વિસામાનું સ્થાન હાથ આવે છે.**' આ અંદરનો ને અંદરનો વિષય છે એમ કહે છે. જેને અંદરથી થાક લાગે છે એમ લીધું છે. ઉપર ઉપરથી થાક લાગે છે એ બીજો વિષય છે. અંદરથી થાક લાગે છે એ બીજો વિષય છે એમ કહે છે. એક કૃત્રિમ થાક લાગે છે અને એક ખરેખર થાક લાગે છે. એક તો પ્રવૃત્તિ ચાલતા ચાલતા.. ભક્તિનો રાગ છે. એક પદ ગાય, બીજું પદ ગાય, ત્રીજું પદ ગાય, ચોથું પદ ગાય. એમ ને એમ લંબાવે. અડધી કલાક, કલાક, દોઢ કલાક, બે કલાક. પછી એમ થાય કે હવે બંધ રાખીએ. તો એ થાક એ કોઈ અંદરનો થાક નથી. એ પ્રવૃત્તિનો થાક છે, એ રાગનો થાક છે એ ખરેખર અંદરનો થાક નથી.

એને રાગના ઉત્પન્ન થવા કાળે તે રાગનું દુઃખ વેદાવું જોઈએ. રાગમાં દુઃખ ભાસવું જોઈએ. ભાસવું જોઈએ એટલે કે વેદાવું જોઈએ. એમ એનો અંદરનો થાક કહેવાય છે. વાસ્તવિક છે એ. ઓલો કાલ્પનિક છે અને આ વાસ્તવિક છે. એમ ખરેખર અંદરથી દુઃખનો થાક લાગે. ભેદજ્ઞાનમાં એ પ્રકાર છે, પ્રક્રિયા છે.

જ્યારે જીવ ભેદજ્ઞાનનો પુરુષાર્થ કરે છે અથવા ભેદજ્ઞાનના પુરુષાર્થમાં પ્રવર્તે છે ત્યારે એને ક્ષણે ક્ષણે ઉત્પન્ન થતાં રાગમાં દુઃખ લાગે છે. અને દુઃખ લાગે છે તેથી મંદ રાગ હોવા છતાં એમાં એ કષાયની મંદતામાં ઠરતો નથી, ઠરીને ઠામ થતો નથી, રોકાતો નથી, ઉલટાનો એને એમાં દુઃખ હોવાથી નિષેધ આવે છે. આ નહિ, આ રાગ નહિ. ભલે આત્માના સ્વભાવનો વિકલ્પ હોય. તોપણ એ વિકલ્પમાં એને દુઃખ લાગે છે. એવી અંતરંગની આ ક્રિયા છે.

અહીંયાં અંતર–અંતર શબ્દ બે જગ્યાએ લીધુંને? અંદરથી દુઃખનો થાક લાગે છે તેને અંદરમાં જતાં વિસામાનું સ્થાન હાથ આવે છે. આમ લીધું. આ વાત બહુ અનુભવપૂર્ણ 'ગુરુદેવશ્રી'એ કહેલી છે કે અંદરમાં જેને શાંત સ્થળ હાથ આવે છે તે ક્યાંથી હાથ આવે છે? આમ તો અનાદિના અજ્ઞાની જીવને પોતાનું સ્વસ્થાન જડતું નથી. પોતાના આત્માને અંદરમાં ધ્રુવ આત્માને ગોતવા જાય તો એને જડતો નથી. જડે છે? આ પોકારી પોકારીને કહે છે પણ આ અંદર કેવો ધ્રુવ આત્મા, કેમ જડતો નથી? એમ લાગે છે. ભાસ નથી આવતો. તે ક્યારે હાથ આવે? એમ કહે છે. હાથ આવે એટલે ગ્રહણ થવું. હાથ એટલે આ હાથનો સવાલ નથી. હાથ આવવું એટલે પકડાવું, પકડાવું એટલે ગ્રહણ થવું. જ્ઞાનની અંદર 'હું આવો આત્મા' એવું ક્યારે ગ્રહણ થાય? કે રાગરસ પરિણામમાંથી મટે ત્યારે. રાગરસ પરિણામમાં ક્યારે મટે? કે જ્યારે રાગમાં દુઃખ લાગે ત્યારે. નહિતર તો એનો જે અનાદિનો રસ ચડ્યો છે એ રસ એનો મટતો નથી.

કોઈને રાગરસ ચડે છે ત્યારે એ બાહ્ય રાગાદિ પ્રવૃત્તિમાં ધસમસતો પ્રવર્તે છે. કોઈ એ જ પ્રકારે વધતા ક્ષયોપશમના રસમાં ચડે છે ત્યારે એ ક્ષયોપશમમાં ધસમસતો પરિણમે છે. આ બંને વિભાવરસ છે. બંને ઈન્દ્રિય દ્વારા પ્રવર્તતા પરિણામ હોવાથી અતીન્દ્રિય પરિણામથી વિરુદ્ધ જાતિના, અતીન્દ્રિય પરિણામથી વિજાતીય, દૂર જવાય એવા એ પરિણામ છે. એમાં આગળ વધવા જેવું નથી. આમ છે.

(૨૨ઃ૦૦ મિનિટ સુધી)

***

**પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા લિખિત 'અનુભવ સંજીવની' ગ્રંથમાંથી જ્ઞાનદશા–અજ્ઞાનદશા સમીક્ષા સંબંધિત ચૂંટેલા વચનામૃતો**

અજ્ઞાનદશામાં, પૂર્વપુણ્યના ઉદયે સંયોગરૂપ સામગ્રી - ક્ષણિક/અનિત્ય હોવા છતાં - નિત્યપણે ભાસે છે; કે જાણે 'આ બધું' મારે કાયમ રહેવાનું છે; તેથી તેનો તથારૂપ રસ - પરિણતિ બની જાય છે; જ્યારે તેથી ઊલ્ટું - જ્ઞાનદશામાં, પુણ્યયોગે બાહ્ય વૈભવમાં જ્ઞાની હોય તો તેમાં, પોતાની નિત્યતાપૂર્વક - અનિત્યતાનું ભાન રહે છે. તેથી તેને તેમાં રસ આવતો નથી. જ્ઞાન પરિણતિ યથાવત્ રહે છે. (૭૪)

***

અન્ય જીવો અને પુદ્‌ગલોની ચિત્ર-વિચિત્ર અવસ્થાનું નિમિત્ત પામીને જગતમાં જીવો રાગ-દ્વેષ / ઈષ્ટ અનિષ્ટરૂપ ભાવો કરે છે. - જ્યારે સમ્યક્‌જ્ઞાનમાં, અંતર્મુખનું ધ્યેય (અર્થાત્ દ્રવ્યદૃષ્ટિ) વર્તતું હોવાને લીધે તે તે પરદ્રવ્યની પર્યાયો માત્ર જ્ઞેયરૂપે પ્રતિભાસે છે. જ્ઞાન તટસ્થ - જ્ઞાતા ભાવે રહે છે. ધ્યેયની અર્થાત્ ધ્રુવ સ્વરૂપની મુખ્યતા રહે છે. તેથી અન્ય જ્ઞેયો ગૌણ પણે જણાય છે. - આ વીતરાગી જ્ઞાનકળા છે - અબંધ પરિણામ છે, પરિણામની આવી ચાલ થવી / ઢળક થવી, પરિણમનશીલતા થવી, એવો જ જેનો મૂળ સ્વભાવ છે; તેવા ગુણ નિધાન મહા પવિત્ર નિજ આત્મદેવને અભેદ ભક્તિએ નમસ્કાર !! (૯૩)

***

મિથ્યાત્વના સદ્‌ભાવમાં મતિ-શ્રુતજ્ઞાનનો ક્ષયોપશમ પર રસ - વેદન વધવામાં નિમિત્ત થાય છે, તે જ ક્ષયોપશમ સમ્યક્ત્વના સદ્‌ભાવમાં, કષાયરસ તૂટવાથી અને અકષાય સ્વરૂપમાં સ્થિરતા - રસ વધવાથી, સ્વસંવેદનરસ/આત્મરસ વધવામાં નિમિત્ત થાય છે. - આ સ્વસંવેદન પૂર્ણ સ્વસંવેદનનું જ અંગ છે. અનંત સુખનું મૂળ છે. સાધક દશામાં, નિજ પરમપદમાં રહેલ આત્મવૈભવને જોનાર મતિ-શ્રુત છે.(૧૪૫)

***

વિપરીત શ્રદ્ધાનથી જીવને પરમાં સુખ ન હોવા છતાં, સુખની પ્રતીત છે. તેથી પર વિષયને સુખબુદ્ધિથી ભોગવતાં સુખનો (આભાસરૂપે) અનુભવ થાય છે. પરંતુ વાસ્તવિકતાએ ત્યાં સુખ નહિ હોવાથી કોઈને પણ તૃપ્તિ થતી નથી. આત્મિક સુખની ગટાગટીથી (અનુભવથી) પ્રતીત થતાં આખું જીવન બદલાઈ જાય છે; તે જીવ પરમાં ક્યાંય સુખના કારણે ઠગાતો નથી. (૨૪૦)

***

જ્ઞાનમય ભાવ તે અવિકાર આત્મમય ભાવ છે. તેવા ભાવમાં રાગાદિ વિકાર કરવાનો સ્વભાવ નહિ હોવાથી, મોહ ભાવમાં (અચારિત્રભાવમાં) નિરુત્સાહ અર્થાત્ ઉત્સુકતા હોતી નથી, થતી નથી; પરંતુ તે ભાવ, આત્માને સ્વભાવમાં સ્થાપે છે. આથી એમ જણાય છે કે સ્વરૂપનું અજ્ઞાન જ આત્માને રાગાદિ ભાવમાં પ્રેરે છે, ઉત્સાહિત કરે છે. જ્ઞાયકપણે રહેવામાં ભાવ પ્રતિબંધ નથી. વળી તે જ્ઞાનમયભાવ રાગદ્વેષના પ્રવાહને રોકનારો ભાવ છે, તેમજ દ્રવ્યકર્મના પ્રવાહને રોધનારો છે. (૪૫૦)

***

## શાસ્ત્ર વાંચવાની રીત

સત્ શાસ્ત્રો આત્માનુભવી પુરુષો દ્વારા લખાયેલ હોવાથી તેમના લખાણમાં અનુભવનું ઊંડાણ ભરેલું છે, તેને અનુભવના દષ્ટિકોણ પૂર્વક અવલોકન કરવાં ઘટે, નહિ તો તેમના ભાવોનું વાચ્ય જ્ઞાન ગોચર થઈ શકે નહિ, માત્ર અનુભવ દષ્ટિએ જ યથાર્થપણે વાચ્યભૂત ભાવો જ્ઞાન ગમ્ય થાય, એવો શાસ્ત્ર વાંચનનો મર્મ છે, ફક્ત પંડિતાઈથી એટલેકે પરલક્ષી જ્ઞાનના ઉઘાડથી પમાશે નહિ, તેથી શાસ્ત્ર વાંચન અનુભવપ્રધાન શૈલીથી કર્તવ્ય છે. શબ્દાર્થથી ભાવાર્થથી સંતોષાઈ ન જવું. (૧૯૯૯)

***

વાચક શબ્દથી વાચ્ય સધાય છે. પરંતુ વાચ્ય સધાતાં, જ્ઞાનરસ ઉત્પન્ન થવો ઘટે. તો જ શબ્દના અર્થનું યથાર્થ પણું છે. અન્યથા 'માત્ર ઉઘાડ' કાર્યકારી નથી. ખરેખર તો જ્ઞાનરસ છે, તે આત્મરસ છે.

(૧) ''દ્રવ્યશ્રુતનું સમ્યક્ અવગાહન, ભાવશ્રુતને સાધે છે''''અનુભવ પ્રકાશ''

(૨) ''દ્રવ્યશ્રુતના સમ્યક્ અવગાહનથી શ્રદ્ધાગુણજ્ઞતા પ્રાપ્ત થાય છે; તેથી પરમાર્થ સધાય છે.'' પૃ. ૪૬ ''અનુભવ પ્રકાશ''

આ પ્રકારે નિમિત્ત ઉપાદાનની સંધી છે.(૨૦૨૮)

***

## સમયસારનું હાર્દ

''શ્રી સમયસારજી'' શાસ્ત્રમાં આચાર્ય ભગવંતોએ અસ્તિ નાસ્તિ બન્ને પડખેથી વિષય સ્પષ્ટ કરેલ છે.

અસ્તિથી દષ્ટિનો વિષયભૂત સ્વભાવ અને સ્વભાવદષ્ટિનું અનુભવપૂર્ણ નિરૂપણ છે સ્વભાવ દષ્ટિવંતના દષ્ટિના પરિણમનની મુખ્યતાવાળા પડખાને અદ્ભત રીતે પ્રદર્શિત કરેલ છે. આ જ સમયસારનું હાર્દ છે.

નાસ્તિથી મિથ્યાત્વ અને અજ્ઞાન ટાળવાની વાત મુખ્ય છે. અનેકવિધ શૈલીથી છે. (૨૦૨૬)

## ખરી જીવનકળા

સંસારમાં જીવને પૂર્વકર્મનો સદાય ઉદય રહે છે. પ્રાયઃ જીવ, સ્વરૂપ સાવધાનીના અભાવમાં, દુઃખી થઈ નવા કર્મ બાંધવાનું નુકસાન કરે છે. જો જીવ મુક્ત થવાનો અભિલાષી હોય તો પ્રાપ્ત ઉદયના નિમિત્તે આત્મ પ્રત્યયી પુરુષાર્થ કરી સંસાર તરી શકે છે. તેથી ઉદયથી અકળાવાની જરૂર નથી પરંતુ ઉદયનો લાભ લેવા યોગ્ય છે. આ ખરી જીવનકળા છે. (૧૮૨૫)

**પૂજ્ય બહેનશ્રીની વીડિયો તત્ત્વચર્ચા**
**મંગલ વાણી-સીડી-૧૧-C**



પ્રશ્ન :- ... એમ પણ આવે છે. અને ભવસ્થિતિ, ક્રમબદ્ધ બધું છે. માતાજી! આ ત્રણેની કઈ રીતે મૈત્રી છે? કૃપા કરીને સમજાવો.

ઉત્તર :- ભવસ્થિતિ આદિ નામ લઈ છેદો નહિ પુરુષાર્થ. ભવસ્થિતિ હોય છે, પણ પુરુષાર્થ સાથે સંબંધ હોય છે. પોતે પુરુષાર્થ કરે એવી જાતની ભવસ્થિતિ હોય છે. તું પુરુષાર્થ કર. પછી ભવસ્થિતિનું નામ શું કામ લેવાનું? ભવસ્થિતિનું નામ માત્ર લે છે. ભવસ્થિતિનું નામ લઈને પોતે બચાવ કરે છે. પુરુષાર્થ કરવો નથી. ભવસ્થિતિ, કાળલબ્ધિ પાકવાની હશે ત્યારે થાશે એમ એનો બચાવ શું કામ કરે છો? તું પુરુષાર્થ કર. જો તને આત્માની પડી હોય, જો તારે પરમાર્થ સ્વરૂપ એવા આત્માને પ્રગટ કરવો હોય તો તું પુરુષાર્થ કર. પુરુષાર્થ કર યથાર્થપણે પછી થાય છે કે નહિ? તું જો થયા વગર રહેશે જ નહિ. પુરુષાર્થ સાથે ભવસ્થિતિને, ક્રમબદ્ધને બધાને સંબંધ હોય છે. જેવો પોતાનો પુરુષાર્થ એ જ જાતનું ક્રમબદ્ધ હોય છે, એવી જાતની ભવસ્થિતિ હોય છે. અને એ ભવસ્થિતિ બદલાઈ જાય છે, જો તું પુરુષાર્થ કર તો. એમ કર્મ હશે એમ થાશે, કર્મ ઉદયમાં આવે, એવી કાળલબ્ધિ પાકી નથી, ઉદય એવા છે થઈ શકતું નથી એવા બધા બચાવો કરે છે, (પણ) તને અંદર લાગી નથી. જો આત્માની લગની લાગી હોય તો પુરુષાર્થ તરફ જ તારું વલણ જાય કે હું પુરુષાર્થ કરું. આવું કાંઈ હોય? કે પોતે પુરુષાર્થને ઇચ્છે, પોતે આત્માને ઇચ્છે અને થાય નહિ એવું તો બને નહિ. દરેક આત્મા સ્વતંત્ર છે. તો આત્મા પરાધીન થઈ જાય. એવું નથી.

પુરુષાર્થ કરે તે જ પ્રમાણે ભવસ્થિતિ હોય, તે જ પ્રમાણે ક્રમબદ્ધ હોય. બધું એમ જ હોય. પુરુષાર્થ સાથે સંબંધ છે બધાયને. કરવું એ મરવું એટલે તું પરપદાર્થનો કર્તા નથી, તું જ્ઞાતા છો. કોઈ પદાર્થને ફેરવવાની તારામાં શક્તિ નથી. તું તો જ્ઞાતા છો. એનો અર્થ એમ છે કે તું પુરુષાર્થ ન કર એવો અર્થ નથી. જ્ઞાયક જ્યાં થાય છે ત્યાં જ પુરુષાર્થ આવી જાય છે. અનાદિની જે કર્તાબુદ્ધિ હતી એ તોડીને જ્યાં જ્ઞાયક થયો, એ જ્ઞાતાપણું જ્યાં આવી ગયું, જ્ઞાતાધારા પ્રગટ થઈ ગઈ તો એ પુરુષાર્થથી જ થાય છે. એ કાંઈ પુરુષાર્થ વગર થાતું નથી. એ કાંઈ કર્તાબુદ્ધિ એટલે તું પુરુષાર્થ ન કર એવો એનો અર્થ નથી. કરવું તે મરવું એટલે તું પરપદાર્થનો કર્તા નથી. તું વિભાવનો કર્તા જ્ઞાન અવસ્થાએ નથી. અજ્ઞાન અવસ્થાએ છો વિભાવનો (કર્તા), જ્ઞાન અવસ્થાએ નથી. પણ તું જ્ઞાતા થઈ જા એમાં પુરુષાર્થ આવી જ જાય છે. તું અંતર જ્ઞાતાનો પુરુષાર્થ કર, અંદર લીનતાનો (પુરુષાર્થ કરી) જ્ઞાતા થઈ જા. લીનતાનો પુરુષાર્થ કર તે જ પ્રમાણે રાગ અને વિભાવપર્યાય એ બધી તે જ પ્રમાણે થવાની છે. તું એને ફેરવી શકતો નથી એટલે તું જ્ઞાતા થઈ જા. પર ઉપરથી દૃષ્ટિ છોડી દે અને સ્વ ઉપર દૃષ્ટિ મૂક અને જ્ઞાયક થઈ જા. પછી જેમ થવાનું હોય એમ થાય. એ તો ફેરફારો એને સ્વયં થાય છે.

તું જ્ઞાયકની દૃષ્ટિ કર, તું જ્ઞાતાધારા પ્રગટ કર. તું અંદર સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર બધું પ્રગટ કરવામાં તું સ્વાધીન છો. પરપદાર્થને ફેરવવાની તારામાં શક્તિ નથી પણ એવો સંબંધ છે કે તું જો જ્ઞાતા થા તો એ સ્વયં એમાં પલટો થાય છે. કર્મનો પલટો થાય છે, વિભાવ ઉદયનો પલટો થાય છે, બધોય પલટો થાય છે. એને જ્ઞાયકની ધારા સાથે સંબંધ છે. તારે જ્ઞાતા થાવું નથી અને પછી તું બચાવ કર્યા કરે છે કે આવા ઉદય છે. ઉદય પલટ્યા વગર રહેશે જ

નહિ. તું જ્ઞાયક થા એટલે સ્વયં બધા ઉદયો પલટી જાશે. જડમાં પલટશે પણ તારી જે વિભાવની પર્યાયો થાય રાગ-દ્વેષની એ પણ પલટી જશે. બધું પલટી જશે. એના ઉદય આવે એટલે તારે જોડાવું જ પડે એવું નથી. તારા પુરુષાર્થની મંદતાએ જોડાય છે. તું જ્ઞાતા થઈ જા, તું અંતરમાં પુરુષાર્થ કર એટલે બધા ફેરફારો સ્વયં થાય છે.

પ્રશ્ન :- પુરુષાર્થની મુખ્યતા છે એમ આપનું કહેવું છે?

ઉત્તર :- પુરુષાર્થની જ મુખ્યતા છે. તું કર એટલે બધા ફેરફારો થવા (માંડશે). ક્રમબદ્ધ એમ થાશે, ભવસ્થિતિ એવી થાશે અને જ્યારે જે વિભાવ-ભાવકર્મના ઉદયો પણ તારી જ્ઞાતાધારા હશે એવી જાતના આવશે. તારી ભૂમિકા પ્રમાણે જ આવશે.

પ્રશ્ન :- બધું એની મેળે બાકીનું બધું ફરી જશે.

ઉત્તર :- બાકીનું બધું ફરી જાશે.

પ્રશ્ન :- ફરવા યોગ્ય બધું ફરી જાશે.

ઉત્તર :- બધું ફરી જાશે. તારી ભૂમિકા પ્રમાણે બધું ફરી જાશે.

પ્રશ્ન :- બાકીના ચારેય સમવાય એક સાથે...?

ઉત્તર :- બધું એકસાથે સંબંધ છે એને.

પ્રશ્ન :- જ્ઞાતાધારા પ્રગટ કરવા માટે શું કરવું?

ઉત્તર :- જ્ઞાતાધારા પ્રગટ કરવા માટે પુરુષાર્થ કરવો. પોતે આત્માની લગની લગાડવી. હું જ્ઞાયક છું એવી શ્રદ્ધા કરવી. એ શ્રદ્ધા (કરવી), તત્ત્વના વિચાર કરવા, નિર્ણય કરવો. એ બધું પુરુષાર્થથી થાય છે. પણ એ કોણ કરે પુરુષાર્થ? જેને લાગી હોય તે કરે. જેને આત્માની અંતરમાં જે લાગી હોય અને અંદરથી સુખ પ્રગટ કરવું હોય, તે જ્ઞાયકનો સ્વભાવ પ્રગટ કરવો હોય જ્ઞાતારૂપે તે કરે પુરુષાર્થ. જેને કરવું નથી એ તો બચાવ કરે છે.

(૩૮:૦૦ મિનિટ સુધી... તત્ત્વચર્ચાનો શેષ અંશ આવતા અંકમાં...)


**નવીન પ્રકાશન**

## અધ્યાત્મ પિપાસા




પ્રશમમૂર્તિ ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચનો ગ્રંથ 'સ્વાનુભૂતિદર્શન' ઉપર અધ્યાત્મયોગી પરમોપકારી પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનોનો, 'અધ્યાત્મ પિપાસા' નામક ગુજરાતી ગ્રંથ, પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની આગમી સમ્યક્ત્વ જયંતિ મહોત્સવ પ્રસંગે પ્રકાશિત કરવાની ભાવના છે. આ ગ્રંથની મર્યાદિત નકલો છપાવવાની હોવાથી જે મુમુક્ષુઓ તરફથી વ્યક્તિગત માંગણી આવશે તેટલી જ નકલો પ્રકાશિત કરવામાં આવશે. માટે જે કોઈ મુમુક્ષુઓને પુસ્તકની જરૂરિયાત હોય તેઓએ, શ્રી રાજેન્દ્રભાઈ જૈન, ભાવનગર, (મો. ૯૮૨૫૧૫૫૦૬૬ )ને વોટ્સ અપ કરવા વિનંતી.



## ‘દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ’માંથી આત્મા કઈ રીતે પ્રાપ્ત થાય? સંબંધિત પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીજીના વચનામૃત

(‘આત્મપ્રાપ્તિ કેમ થાય’ આ વિષયમાં જિજ્ઞાસાપૂર્વક પૂછેલા પ્રશ્નનો આ વિસ્તૃત ઉત્તર છે :)

રુચિમાં ખરેખર પોતાની જરૂરત લાગે, ત્યારે પોતાની વસ્તુની પ્રાપ્તિ થયા વિના રહે નહિ. ચોવીસ કલાક ચિંતનમાં-વગરચિંતનમાં એક આ જ (સ્વરૂપનું ઘોલન) ચાલતું રહે. જે વિષયની રુચિ હોય છે, તે વિષય, સેંકડો બાહ્યકાર્ય કરવા છતાં પણ ચાલુ જ રહે છે. બહારનો ઉપયોગ ઉપર ઉપર ચાલે છે તેમાં જાગૃતિ હોતી નથી. જે વિષયની રુચિ હોય છે તેમાં જ જાગૃતિ રહે છે. સેંકડો કાર્ય કરતા રહેવા છતાં પણ, તે બધાની ગૌણતા જ રહ્યા કરે છે અને રુચિનો વિષય જ મુખ્ય રહે છે.

વિકલ્પાત્મક વિચારમાં પણ, શરીરાકાર ચૈતન્યમૂર્તિને ટાંકી દો. ‘હું તો આ જ છું.’ સુખ-દુઃખની જે કાંઈ પર્યાય થાય તેની ઉપેક્ષા રાખો. ‘હું તો આ જ છું.’ વિચાર ચાલે, તેની પણ ગૌણતા રાખો. ‘હું તો એવો ને એવો ચૈતન્યમૂર્તિ છું.’ બસ આ જ દૃઢતા કરતા રહો.

સાંભળવું, શાસ્ત્ર વાંચવું વગેરે બધાની ગૌણતા થવી જોઈએ. એકાંતનો વધુ અભ્યાસ રહેવો જોઈએ. (જેથી સ્વરૂપઘોલન વધે.)

આ (સમ્યક્ત્વ) પ્રાપ્ત ન થયું તો જીવ નિગોદમાં ચાલ્યો જશે. એમ નિગોદના ભયથી પોતાનું કાર્ય કરવા ચાહે, (જે યથાર્થ નથી.) પરંતુ (અભિપ્રાયમાં) નિગોદની અવસ્થા હો અથવા સિદ્ધની, મારો કાંઈ બગાડ-સુધાર નથી (હું અવસ્થારૂપ નથી) એવી હું અચલિત વસ્તુ છું - એવી શ્રદ્ધા જામી જવી જોઈએ. પર્યાય ગમે તેવી હો, તેની ઉપેક્ષા જ રહેવી જોઈએ.

પરદ્રવ્યની સાથે તો કાંઈ સંબંધ જ નથી. એટલો આ વાતનો તો પક્ષ હોવો જોઈએ પછી વસ્તુ (ત્રિકાળી ધ્રુવ) અને પરિણામ (ઉત્પાદ-વ્યય) એ બે વચ્ચેના વિચારમાં જ બધો સમય લગાવી દેવો. ચોવીસે કલાક બસ આ જ (સ્વરૂપનું ઘૂંટણ) ચાલવું જોઈએ. પ્રવૃત્તિભાવને ગૌણ કરીને આ જ એકની મુખ્યતા હોવી જોઈએ. આ જ પ્રયાસ નિરંતર ચાલવો જોઈએ. (૨૫૦)

**ટ્રસ્ટના ‘સ્વાનુભૂતિપ્રકાશ’ના આ ગુજરાતી અંક (ડિસેંબર-૨૦૨૧)નું શુલ્ક ડૉ. શ્રી મહેશભાઈ મહેતા, મુંબઈ. હ. શ્રી ધર્મેન્દ્રભાઈ વોરા, ભાવનગર તરફથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**




**પત્રાંક-૨૮૪**

**વવાણિયા, આસો સુદ ૬, ગુરુ, ૧૯૪૭**

૧. પરસમય જાણ્યા વિના સ્વસમય જાણ્યા છે એમ કહી શકાય નહીં.

૨. પરદ્રવ્ય જાણ્યા વિના સ્વદ્રવ્ય જાણ્યું છે એમ કહી શકાય નહીં.

૩. સમ્મતિતર્કમાં શ્રી સિદ્ધસેન દિવાકરે કહ્યું છે, કે [1]જેટલા વચનમાર્ગ છે તેટલા નયવાદ છે; અને જેટલા નયવાદ છે તેટલા જ પરસમય છે.

૪. અક્ષય ભગત કવિએ કહ્યું છે કે :

‘કર્ત્તા મટે તો છૂટે કર્મ, એ છે મહા ભજનનો મર્મ;
જો તું જીવ તો કર્ત્તા હરિ, જો તું શિવ તો વસ્તુ ખરી;
તું છો જીવ ને તું છો નાથ, એમ કહી અખે ઝટક્યા હાથ.’

***

**પત્રાંક-૨૮૫**

**વવાણિયા, આસો સુદ ૭, શુક્ર, ૧૯૪૭**

ॐ

અપૂર્વ પોતાથી પોતાને પ્રાપ્ત થવું દુર્લભ છે; જેનાથી પ્રાપ્ત થાય છે, તેનું સ્વરૂપ ઓળખાવું દુર્લભ છે, અને જીવને ભુલવણી પણ એ જ છે.

આ પત્રમાં લખેલાં પ્રશ્નોનો ટૂંકામાં નીચે ઉત્તર લખ્યો છે :

૧-૨-૩, એ ત્રણે પ્રશ્નો સ્મૃતિમાં હશે. એમાં એમ જણાવ્યું છે કે, ‘(૧) ઠાણાંગમાં આઠ વાદી કહ્યા છે, તેમાં આપને તથા અમારે કયા વાદમાં દાખલ થવું ? (૨) એ આઠ વાદથી કોઈ જુદો મારગ આદરવા જોગ હોય તો તે જાણવા સારુ આકાંક્ષા છે. (૩) અથવા આઠે વાદીના માર્ગનો સરવાળો કરવો એ જ મારગ છે કે શી રીતે ? અથવા તે આઠ વાદીના સરવાળામાં કાંઈ ન્યૂનાધિકતા કરી માર્ગ ગ્રહણ કરવા યોગ્ય છે ? અને છે તો શું ?’

આમ લખ્યું છે; તે વિષે જાણવાનું કે, એ આઠ વાદીનાં બીજા તે સિવાયનાં દર્શનોમાં – સંપ્રદાયોમાં – માર્ગ કંઈક (અન્વય) જોડાયેલો રહે છે, નહીં તો ઘણું કરીને જુદો જ (વ્યતિરિક્ત) રહે છે તે વાદી, દર્શન, સંપ્રદાય એ બધાં કોઈ રીતે પ્રાપ્તિમાં કારણરૂપ થાય છે; પણ સમ્યક્જ્ઞાની વિનાના બીજા જીવોને તો બંધન પણ થાય છે. માર્ગની જેને ઈચ્છા ઉત્પન્ન થઈ છે, તેણે એ બધાનું સાધારણ જ્ઞાન વાંચવું, વિચારવું; બાકીમાં મધ્યસ્થ રહેવું યોગ્ય છે. સાધારણ જ્ઞાનનો અર્થ આ ઠેકાણે એવો કરવો કે બધાં શાસ્ત્રમાં વર્ણવતાં અધિક જુદાઈ ન પડી હોય તેવું જ્ઞાન.

‘તીર્થંકર આવી ગર્ભમાં ઊપજે અથવા જન્મે ત્યારે અથવા ત્યાર પછી દેવતાઓ જાણે કે આ તીર્થંકર છે ? અને જાણે તો શી રીતે ?’ એના ઉત્તરમાં : સમ્યક્જ્ઞાન જેને પ્રાપ્ત થયું છે એવા દેવતાઓ ‘અવધિજ્ઞાનથી’ તીર્થંકરને જાણે, બધા ન જાણે. જે પ્રકૃતિઓ જવાથી ‘જન્મથી’ તીર્થંકર અવધિજ્ઞાનસંયુક્ત હોય છે, તે પ્રકૃતિઓ તેમાં નહીં દેખાવાથી તે સમ્યક્જ્ઞાની દેવતાઓ તીર્થંકરને ઓળખી શકે છે. એ જ વિજ્ઞાપન.

મુમુક્ષુતાની સન્મુખ થવા ઈચ્છતા તમો બન્નેને યથાયોગ્ય પ્રણામ કરું છું.

ઘણું કરીને પરમાર્થ મૌન એમ વર્તવાનું કર્મ હાલ ઉદયનું વર્તે છે અને તેને લીધે તેમ જ વર્તવામાં કાળ વ્યતીત થાય છે. અને તે જ કારણથી આપના પ્રશ્નોને ઉપર ટૂંકામાં ઉત્તરયુક્ત કર્યા છે. શાંતમૂર્તિ સૌભાગ્ય હાલ મોરબી છે.

***